સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન
સરનામુ-જુનુ હેડ ક્વાર્ટર, અઠવાલાઇન્સ,
સુરત શહેર

## ફરીયાદીના મોબાઇલ નંબર ઉપર વારંવાર ફોન કરી ફ્રેન્ડશીપની માંગણી કરી ફરીયાદીના બિભત્સ ફોટો પાડી વોટ્સએપ ઉપર મોકલનાર આરોપીને ઝડપી પાડતી સુરત શહેર સાયબર ક્રાઇમ

કાપોદ્રા પો.સ્ટે. સેકન્ડ ગુ.ર.નં.૮૯/૨૦૧૯ ઇન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ કલમ-૬૬(ઇ),(બી), ૬૭ મુજબનો ગુન્હો દાખલ થયેલ હોય જે ગુન્હામાં સંડોવાયેલ ઇસમે આ કામના ફરીયાદીના મોબાઇલ નંબર ઉપર વારંવાર ફોન કરી ફ્રેન્ડશીપ કરવાની માંગણી કરેલ અને ફરીયાદીએ ફ્રેન્ડશીપ કરવાની ના પાડતા તેઓના બિભત્સ ફોટોગ્રાફ વોટ્સએપ ઉપર મોકલેલ હતા. સદર ગુન્હો સોશીયલ મીડીયા સબંધેનો હોય ટેકનીકલ સર્વેલન્સ આધારે સદર ગુન્હો શોધી કાઢવા સારૂ અધિક પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફીક અને ક્રાઇમ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ નાઓએ સુચના આપેલ હોય, જેથી મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, સાયબર ક્રાઇમ નાઓના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન દ્વારા ટેકનીકલ સર્વેલન્સ આધારે આ ગુન્હામાં સંડોવાયેલ આરોપીને આઇડેન્ટીફાઇ કરી, સાયબર ક્રાઇમ પો.સ્ટે.ના પો.સ.ઇ.શ્રી જે.બી.આહીર તથા ટીમના પોલીસ માણસોએ સદર ગુન્હામાં સંડોવાયેલ આરોપી **નિલેષ રમણીકભાઇ સાવલીયા ઉ.વ.૩૩ ધંધો-હિરા ઘસવાની મજુરી રહે.સી/૫/૪૦૨, ઓપેરા પેલેસ, ખોલવડ, લસકાણા, કામરેજ, સુરત** નાને શોધી કાઢી તેની પુછ પરછ કરતા આ કામના ફરીયાદીના બિભત્સ ફોટોગ્રાફ તેઓની જાણ બહાર પાડી લઇ તેઓના મોબાઇલ નંબર ઉપર ફોન કરી ફ્રેન્ડશીપ કરવાની માંગણી કરેલ અને ફરીયાદીએ ફ્રેન્ડશીપ કરવાની ના પાડતા તેઓના બિભત્સ ફોટોગ્રાફ તેઓના વોટ્સએપ ઉપર મોકલેલ હોવાની કબુલાત કરેલ હોય અને તેના વિરૂધ્ધમાં પુરાવઓ મળી આવતા તેના વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી આરોપીનો કબજો આગળની વધુ તપાસ અર્થે કાપોદ્રા પો.સ્ટે. તરફ સોંપવા તજવીજ કરેલ છે.

આ કામગીરી સાયબર પો.સ્ટે.ના પો.સ.ઇ. જે.બી.આહીર તથા એ.એસ.આઇ. પૃથ્વીરાજસિંહ તખતસિંહ તથા એ.એસ.આઇ. સંદિપસિંહ અશોકસિંહ તથા અ.હે.કો. સુનિલ કિશોરભાઇ તથા અ.હે.કો. મહેન્દ્રસિંહ પ્રવિણસિંહ તથા અ.પો.કો. યોગેશભાઇ ચંદુભાઇ તથા અ.પો.કો. પિયુષ અશોકભાઇ નાઓએ કરેલ છે.